સંદેશ , પાના નંબર :- 03
તારીખ :- ૨૮/૦૯/૨૦૨૫

મેટ્રો મુસાફરોની સુવિધા માટે કોર્પોરેશન દ્વારા વસ્ત્રાલ, થલતેજ, વાડજ સહિતના વિસ્તારોમાં જગ્યા ફાળવાઈ

**સ્ટેન્ડિંગ કમિટીમાં ચાર્જ નક્કી કર્યા બાદ દિવાળી સુધીમાં સુવિધા શરૂ થશે**

# શહેરના ૯ મેટ્રો સ્ટેશને ૩૬ હજાર ચોરસમીટરમાં વાહન પાર્કિંગ ઊભાં કરાશે: ૭ હજારથી વધુ વાહનો પાર્ક થશે

। અમદાવાદ ।

અમદાવાદમાં મેટ્રો રેલની મુસાફરી વધુ સુગમ બનાવવા માટે મેટ્રો સ્ટેશનો નજીક પાર્કિંગ વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. શહેરમાં મેટ્રો સ્ટેશનો નજીક આવેલા કુલ ૯ પ્લોટ પર ૩૬,૮૯૦ ચોરસ મીટર વિસ્તારમાં ૩ મુખ્ય ઝોન હેઠળ ૫,૯૦૩ ટુ-વ્હીલર અને ૨૪૬ ફોર-વ્હીલર વાહનો પાર્ક કરવાની સુવિધા ઊભી કરાઈ છે. મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીમાં પાર્કિંગના દર નક્કી કરાયા બાદ આગામી બે મહિનામાં દિવાળી પહેલાં આ વ્યવસ્થા કાર્યરત થવાની શક્યતા છે.

વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વ ઝોનમાં સૌથી વધુ પાર્કિંગ ક્ષમતા પૂરી પડાઈ છે, જે કુલ ટુ-વ્હીલર ક્ષમતાના ૫૨ ટકા હિસ્સો ધરાવે છે. પૂર્વ ઝોનમાં ૧૯,૦૪૬ ચોરસ મીટરમાં ફેલાયેલા ૪ પ્લોટમાં ૩,૦૪૭ ટુ-વ્હીલર અને ૧૨૭ ફોર-વ્હીલર માટે જગ્યા છે. જેમાં વસ્ત્રાલ ગામ (રામોલ), નિરાંત ક્રોસ રોડ (રતનપુરા ગામ તથા અર્પણ સ્કૂલ પાસે) અને એપ્પેરલ પાર્ક સ્ટેશન પાસેના પ્લોટ સામેલ છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં કુલ ક્ષમતાના ૪૦ ટકા ટુ-વ્હીલર પાર્કિંગ ઉપલબ્ધ બનશે. અહીં ૧૪,૯૨૯ ચોરસ મીટરના ૨ પ્લોટમાં ૨,૩૮૯ ટુ-વ્હીલર અને ૯૯ ફોર-વ્હીલર પાર્ક કરી શકાશે. આ બંને પ્લોટ થલતેજ ગામ મેટ્રો સ્ટેશન નજીક આવેલા છે. જ્યારે પશ્ચિમ ઝોનમાં ૨,૯૧૫ ચોરસ મીટરના ૩ પ્લોટમાં કુલ ક્ષમતાના ૮ ટકા લેખે ૪૬૭ ટુ-વ્હીલર અને ૨૦ ફોર-વ્હીલર પાર્કિંગની સુવિધા મળશે. આ જગ્યાઓ ગાંધીગ્રામ ટ્રાફિક પોલીસ ચોકી પાછળ, વાડજ અખબાર નગર પાસે અને સાબરમતી પોલીસ સ્ટેશન પાસે નક્કી કરાઈ છે. આ સુવિધાથી સ્ટેશનો બહાર ટ્રાફિકનું ભારણ હળવું બનશે.

**૯ પ્લોટમાં ટુવ્હીલર અને ફોર વ્હીલરના પાર્કિંગની વિગતો**

| ઝોન | મેટ્રો સ્ટેશન | પાર્કિંગનું સ્થળ | ક્ષેત્રફળ (ચો.મી.) | ટુવ્હીલર | ફોરવ્હીલર |
|---|---|---|---|---|---|
| પૂર્વ | વસ્ત્રાલ ગામ | વસ્ત્રાલ રામોલ | ૭,૫૧૨ | ૧૨૦૨ | ૫૦ |
| પૂર્વ | નિરાંત ક્રોસ રોડ | રતનપુરા ગામ વસ્ત્રાલ | ૨,૮૦૦ | ૪૪૮ | ૧૯ |
| પૂર્વ | નિરાંત ક્રોસ રોડ | અર્પણ સ્કૂલ પાસે, વસ્ત્રાલ | ૩,૭૩૪ | ૫૯૭ | ૨૫ |
| પૂર્વ | એપેરલ પાર્ક | એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન પાસે ઓપન પ્લોટ | ૫,૦૦૦ | ૮૦૦ | ૩૩ |
| ઉત્તર-વેસ્ટ | થલતેજ ગામ | થલતેજ ગામ AMC પ્લોટ | ૮,૪૨૯ | ૧,૩૪૯ | ૫૬ |
| ઉત્તર-વેસ્ટ | થલતેજ ગામ | AMC પ્લોટ | ૬,૫૦૦ | ૧,૦૪૦ | ૪૩ |
| પશ્ચિમ | ગાંધીગ્રામ | ટ્રાફિક પોલીસ ચોકી પાછળ, RDP લેન્ડ | ૭૫૦ | ૧૨૦ | ૫ |
| પશ્ચિમ | વાડજ | AMC ફ્રી પાર્કિંગ, રેડિસ્કેન ઈમેજિંગ પાસે, અખબાર | ૧,૪૮૦ | ૨૩૭ | ૧૦ |
| પશ્ચિમ | સાબરમતી | સાબરમતી પોલીસ સ્ટેશન પાસે | ૬૮૫ | ૧૧૦ | ૫ |
| કુલ | - | - | ૩૬,૮૯૦ | ૫,૯૦૩ | ૨૪૬ |